**ક્રિ.કેસ.નં.૯૪૪૦૦/૨૦૨૧.**

**<u>ક્રિ.પ.અ. નં.૫૯૬૭/૨૦૨૪.ના કામે આરોપીની જામીન અરજી લગત હુકમ.</u>**

જામીન અરજી તથા રેકર્ડ ધ્યાને લીધુ.આરોપીના વિ.વ.શ્રીઓને સાંભળ્યા.

આ કામના આરોપી મુદત તારીખે હાજર નહી રહેતા આરોપી સામે વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીએ પકડ વોરંટના કામે પોલીસ ધ્વારા પકડી રજુ કરવામાં આવતા પોલીસ વિરૂધ્ધ કોઈ ફરીયાદ ન હોઈ આરોપીને જયુડી. કસ્ટડીમાં લેવામાં આવેલ છે તે બાદ જામીન મુકત થવા અરજી રજુ કરી જણાવેલ છે કે, આરોપી તા.૧૫/૦૫/૨૦૨૪ જયુ.કસ્ટડીમાં છે.આરોપી પક્ષ તર્ફે વિ.વ.શ્રી ધ્વારા ભારપૂર્વક રજુઆત કરી જણાવેલ છે કે, આરોપી ગરીબ માણસ છે, કુટંબની તમામ જવાબદારી તેઓ પર છે, તેમજ આરોપી હવે પછી નિયમીત હાજર રહેવાની ખાત્રી આપે છે. જેથી તેઓને જામીન મુકત કરવા અરજ ગુજરોલ છે.

ફરીયાદપક્ષે હાજર વિ.વ.શ્રી ધ્વારા જણાવેલ છે કે,આ કામે આરોપીએ ફરીયાદી સાથે સમાધાન કરેલ અને સમાધાન મુજબ આરોપીએ વર્તન કરેલ નથી અને લાબા સમય અગાઉ સમાધાન કર્યા બાદ માત્ર રૂપિયા દસ હજારની રકમ ચુકવેલ છે અને તે સિવાય ઈરાદા પૂર્વક આરોપી હાજર રહેતા નથી અને વોરંટની બજવણી ટાળતા હોવાનુ રેકર્ડે જણાયેલ છે ત્યારે આવા આરોપીને જામીન ઉપર મુકત કરવા જોઈએ નહી વધુમા જણાવેલ છે કે, જો અદાલત જામીન પર મુકત કરવાના તારણ ઉપર આવે તો ખુબજ સ્ ટીક શરતો મુકી કેસ આગળ ચાલે તેવી રીતનો હુકમ થવા જણાવેલ છે.

જામીન અરજી તથા તે લગતની રજુઆત ધ્યાને લઈ કેસનું રેકર્ડ વંચાણે લેતા હાલનો કેસ ૨૦૨૧ માં દાખલ કરવામાં આવેલ છે. આરોપીની પ્લી ડિસેમ્બર ૨૦૨૧માં લેવાયેલ છે.તે બાદ આરોપી નિયમીત હાજર ન રહેતા ફરીયાદી ધ્વારા તેઓની આરોપીપક્ષ તરફથી ઉલટતપાસનો હક બંધ કરવા અરજ રજુ કરેલ છે તે લગત અદાલતે હુકમ ફરમાવેલ નથી.વધુમાં આરોપીના પકડ વોરંટ લગત પોલીસ ધ્વારા જે શેરા કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા તે ચોકકસ પણે બજવણી ટાળતા હોવાનુ જણાયેલ છે તથા આરોપીનુ  જે સરનામુ છે ત્યા આરોપી ઘરે આવતા ન હોવાનુ આરોપીના ઘરના સભ્યો ધ્વારા બજવણી કરાનાર અધીકારીઓને જવાબ આપેલાનુ જણાયેલ છે.આ તમામ વિગત ધ્યાને લીધી આમ, આ કામ લાંબા સમય થી આરોપીને પકડવોરંટની બજવણી માટે રહેલ આમ આરોપી ન આવવાના કારણસર કેસની કાર્યવાહી વિલંબમા પડેલ છે.આજરોજ આરોપીની જામીન અરજી વિચારાધીન છે ત્યારે જામીન અરજી લગત થયેલ રજુઆત અને રેકર્ડ તથા આજરોજની ખાત્રી ધ્યાને લેતા સાથે સાથેઆરોપી સામેનો આક્ષેપીત ગુનો અને થયેલ રજુઆત ધ્યાને રાખતા,આરોપી કેસના કામે નિયમીત હાજર રહે અને કાર્યવાહી આગળ ચાલે તે રીતની  યોગ્ય શરતોને આધીન આરોપીને જામીન મુકત કરવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાતુ હોઈ નીચે મુજબ હુકમ કરવો યોગ્ય ન્યાયી વ્યાજબી જણાયેલ છે.

**-: હુકમ :-**

આથી આ કામના આરોપીની હાલની જામીન અરજી **મંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.આરોપીએ **રૂા.૨૫,૦૦૦/-(પચીસ હજારના જામીન) જામીન તથા તેટલીજ રકમના જાતમુચરકા રજુ કર્યેથી તથા  તથા રૂા.૧,૦૦૦/-(એક હજાર) પેનલ્ટી પેટે લીગલ એઈડ કમીટી મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ ખાતે જમા કરાર્વ્યેથી તથા રૂા.૨૦,૦૦૦/-(વીસ હજાર) રોકડા ડિપોઝીટ જમા કરાર્વ્યેથી** હવે પછીની મુદત તારીખે નિયમીત હાજર રહી કેસની કાર્યવાહી દર મુદતે કેસની કાર્યવાહી  આગળ ચલાવવાની શરતે તથા આરોપીએ તેઓ જયા  રહેવાના હોય તે જગ્યાનુ કાયમી સરનામુ, મોબાઈલ નંબર,ઈ-મેઈલ એડ્રેસ,વોટસેઅપ નંબર,આધાર પુરવા સાથે રજુ કરવાની શરતે આરોપીને જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૧૭/૦૫/૨૦૨૪.
અમદાવાદ.

એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩૭, અમદાવાદ.